બીજા દિવસે પણ ટિકિટ માટે ભાજપમાં દાવેદારોની ભીડ

‘ક્યારથી સભ્ય છો? પાર્ટી માટે શું-શું કર્યું?’, અનેક ‘ગેંગેંફેંફેં’

સક્રિય નહીં હોવા છતાં માત્ર ટિકિટ લેવા માટે દોડી આવેલા અનેક દાવેદારો નિરીક્ષકો સમક્ષ ભેરવાયા

સુરતઃ સુરત મહાપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા શરૂ કરાયેલી સેન્સ પ્રક્રિયામાં સતત બીજા દિવસે પણ દાવેદારો મોટી સંખ્યામાં ભાજપ કાર્યાલય ખાતે ઉમટી પડ્યા હતા. ગઈકાલે નિરીક્ષકો સમક્ષ રજૂ કરનાર 12 વોર્ડ માટે 800 દાવેદારો હતા તો આજે દાવેદારોનો આંકડો 778 સુધી પહોંચી ગયો હતો. જોકે, આજે ચાલેલી સેન્સ પ્રક્રિયામાં ભાજપમાં દાવેદારોની રજુઆતો સાંભળવા આવેલા નિરિક્ષકો એક જોતા પાર્ટીના ફોર્મેટ મુજબ દાવેદારી ફોર્મ સ્વીકારી, બાયોડેટા પર ઉપરછલ્લી નજર કરી સામાન્ય પ્રશ્નો કરવાની ઔપચારિકતા જ કરતા હતા. આમ છતાં ઘણા દાવેદારો સામાન્ય સવાલોના જવાબમાં પણ આપી શક્યા નહોતા. ખાસ કરીને નિરીક્ષકોએ ઘણા ઉમેદવારોને પુછ્યું હતું કે, પાર્ટી માટે તમે શું કર્યુ ? ક્યારથી પ્રાથમિક સભ્યો છો. ત્યારે ઘણા દાવેદારો પ્રાથમિક સભ્ય પણ નહી હોવાથી ‘ગેંગેંફેંફેં’ કરતા થઇ ગયા હતા.

સેન્સની પ્રક્રિયા આજે પૂરી થઈ જશે, બપોરે મોટી સંકલનમાં નામો શોર્ટલિસ્ટ કરાશે

આવતી કાલે શુક્રવારે તમામ વોર્ડના દાવેદારોની રજુઆતો પુર્ણ થયા બાદ બપોરે 12 વાગ્યે ભાજપ કાર્યાલય ખાતે મોટી સંકલન બેઠક યોજાશે. આ બેઠકમાં નિરીક્ષકો સાથે શહેર પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો, ધારાસભ્યો અને સાંસદ સહિતના આગેવાનો હાજર રહેશે. બેઠકમાં દાવેદારોના નામોનું શોર્ટ લિસ્ટિંગ કરી દરેક વોર્ડ માટે ત્રણ-ત્રણ નામોની પેનલ તૈયાર કરવામાં આવશે. દર વખતની જેમ આ વખતે પણ દાવેદારોની મોટી સંખ્યાને પગલે ટિકિટ ફાળવણી પ્રક્રિયા પડકારજનક બનવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. હવે સંકલન બેઠક બાદ કોણે ટિકિટ મળશે તે મુદ્દે રાજકીય ગરમાવો વધુ તેજ બનવાની સંભાવના છે.

સૌરાષ્ટ્રવાસી દાવેદારોને પુછાયું કે, ક્યા જિલ્લામાંથી આવો છો?

ભાજપમાંથી ચુંટણી લડવા માંગતા મોટા ભાગના દાવેદારોને પુછતા સવાલો એક સરખા હતા. જેમાં કેટલા વર્ષથી સક્રિય છો? પાર્ટીમાં કોઇ જવાબદારી છે કે અગાઉ કોઈ જવાબદારી નિભાવી છે? સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે? સહિતના હતા પરંતુ જ્યાં ભાજપને સામાજિક સમીકરણો નડી રહ્યા છે તેવા સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં દાવેદારોને તે ક્યા જિલ્લાના છે તે સવાલ ખાસ કરવામાં આવતો હતો. વર્ષ 2021ની ચુંટણીમાં સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં ભાજપે સતત બીજી વખત હારનો સામનો કરવો પડ્યો તેની પાછળ જિલ્લાના સમીકરણોમાં પડેલો ‘લોચો’ કારણભૂત હોવાની ચર્ચાને કારણે આ વખતે જિલ્લાના સમીકરણોને ખાસ ધ્યાને લેવામાં આવે તેવી શક્યતા છે.

‘સક્રિય સભ્ય પદ માટે 25 હજાર ભર્યા’ના દાવેદારના જવાબથી નિરીક્ષકો હસી પડ્યા

ચુંટણી લડવા માટે ઘણા દાવેદારો પાર્ટીમાં કોઇ યોગદાન નહીં હોવા છતાં અને સક્રિય કાર્યકર નહી હોવા છતાં ટિકિટ માંગવા દોડ્યા આવતા હોય છે. જેમાંથી ઘણાને પાર્ટીના નીતિ નિયમોની કે સિસ્ટમની પણ ખબર હોતી નથી. ભાજપમાં પ્રાથમિક સભ્ય બનવા પાંચ રૂપિયા અને સક્રિય સભ્ય બનવા 200 રૂપિયા ફી છે. જો કે હવે તો મિસકોલથી પ્રાથમિક સભ્ય બનાતું હોવાથી 5 રૂપિયા ફી પણ નથી. જો કે સક્રિય સભ્ય બનવા માટે 100 પ્રાથમિક સભ્ય બનાવનાર નેતા 200 રૂપિયા ભરી સક્રીય સભ્ય બનતા હોય છે. નિરીક્ષકોએ એક મહિલા દાવેદારને પુછ્યું હતું કે, સક્રિય સભ્ય બનવા કેટલી ફી ભરી છે ? તો આ મહિલા દાવેદારે મોટો આંકડો બતાવવા 25 હજાર ભર્યા હોવાનું કહેતા નિરીક્ષકો હસી પડયા હતા.

ખટોદરા-મજૂરા-સગરામપુરામાં જૂના જોગીઓ સહિત અધધધ... 104 દાવેદારો

ભાજપ માટે સુરતમાં સૌથી વધુ સલામત વિધાનસભા અને મનપાની બેઠકો નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીનો વિસ્તાર મનાય છે. ત્યારે આ સલામત વોર્ડમાં ચુંટણી લડવા ભાજપના કાર્યકરોમાં પડાપડી જોવા મળી રહી છે. આજે વોર્ડ નંબર 20 ખટોદરા-મજુરા-સગરામપુરા વોર્ડમાંથી ચુંટણી લડવા માટે અધધધ... 104 કાર્યકરોએ દાવેદારી કરી હતી. જેમાં અગાઉ કોર્પોરેટર રહી ચુકેલા અને મનપાના હોદ્દેદાર રહી ચૂકેલા નેતાઓનો પણ સમાવેશ થાય છે.

ઉદ્યોગ ફલકથી રાજકીય ફલક પર કૂદકાની તૈયારી, નિખિલ મદ્રાસીએ બે-બે વોર્ડમાંથી ભાજપની ટિકિટ માંગી

સુરતઃ સુરત મનપાની ચૂંટણી માટે ભાજપ દ્વારા હાલમાં સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે ચેમ્બરના હાલના પ્રમુખ નિખીલ મદ્રાસીએ પણ માંગેલી ટિકિટ ઉદ્યોગ આલમમાં ભારે ચર્ચાનું કારણ બની છે. ઉદ્યોગના ફલક પરથી સીધા રાજકીય ફલક પર છલાંગ મારવા માટે તૈયાર થયેલા નિખીલ મદ્રાસીએ એક નહીં પરંતુ બે-બે વોર્ડ, વોર્ડ નં.13 (વાડીફળીયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા) અને વોર્ડ નં.21 (સોનીફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદ)માંથી ભાજપમાંથી ટિકિટ માંગી છે. નિખીલ મદ્રાસીને અગાઉ ભાજપમાંથી સને 1992માં યોજાયેલી સુરત મનપાની ચૂંટણીમાં પણ ટિકિટ મળી હતી પરંતુ તે સમયે બાબરી મસ્જિદ તૂટતાં ચૂંટણી મોકુફ રહી હતી. નિખીલ મદ્રાસી દ્વારા એવો દાવો કરાયો હતો કે પોતે છેલ્લા 45 વર્ષથી જનસંઘના સભ્ય અને ભાજપમાં સક્રિય છે.

ક્યા વોર્ડમાં કેટલા દાવેદાર?

13	94	20	104
14	52	21	64
15	41	22	85
16	51	23	74
17	37	24	60
18	52	કુલ	778
19	64		

દર ચૂંટણીમાં ધમાધમી બોલાવતા સૌરાષ્ટ્રના હાલારી આગેવાનો આ વખતે ગાયબ

વરાછા સહિતના પાટીદારોના વિસ્તારોમાં એક સમયે હાલારી અને ગોલવાડીયા વચ્ચે ભારે રાજકીય હુંસાતુંસી જોવા મળતી હતી

છેલ્લા કેટલાક સમયથી ગોલવાડી આગેવાનોના વધેલા દબદબાને કારણે હાલારી આગેવાનો રાજકીય નેપથ્યમાં

સતત બે ટર્મથી વરાછા વિસ્તારમાં મળી રહેલી હારને કારણે ભાજપના સિનિયર આગેવાનો આ વખતે દાવેદારીથી દૂરની સ્થિતિ

સુરતઃ એક સમયે સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં ગોલવાડી અને હાલારી એટલે કે ભાવનગર અને અમરેલી જિલ્લા વચ્ચે રાજકીય રીતે ભારે હુંસાતુંસી જોવા મળતી હતી પરંતુ સુરત મનપાની આ વખતની ચૂંટણીમાં જાણે હાલારીઓ હવામાં ઓગળી ગયાની સ્થિતિ છે. હાલારીઓનો ભાજપમાં હાલમાં કોઈ મોટો નેતા નથી અને ઉપરથી વરાછા સહિત સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં આપને મળેલી જીતને કારણે આ વખતે વરાછામાં ચૂંટણી લડવા માટે ભાજપના આગેવાનો એટલા ઉત્સાહી નથી. મોટા વરાછા, નાના વરાછા, વરાછા વિસ્તારથી માંડીને પુણા-સીમાડા અને સરથાણામાં હાલારીઓના મત મોટી સંખ્યામાં હોવા છતાં પણ ભાજપના આગેવાનોમાં એટલો ઉત્સાહ દેખાતો નથી.

ગઈકાલે સૌરાષ્ટ્રવાસી મતદારોનો સમાવેશ કરતાં વોર્ડ નં.2 (અમરોલી - છાપરાભાઠા - કોસાડ), વોર્ડ નં.3 (સરથાણા - સીમાડા - લસકાણા), વોર્ડ નં.4 (કાપોદ્રા), વોર્ડ નં.5 (ફુલપાડા - અશ્વિનીકુમાર), વોર્ડ નં.6 (કતારગામ (ઉત્તર), વોર્ડ નં.7 (કતારગામ (દક્ષિણ) - વેડરોડ) અને વોર્ડ નં.8 (ડભોલી - સિંગણપોર) પૈકી વોર્ડ નં.2 માટે માત્ર 50 દાવેદારો, વોર્ડ નં.3 માટે 54, વોર્ડ નં.4 માટે 34 વોર્ડ નં.5 માટે 41, વોર્ડ નં.6 માટે 59, વોર્ડ નં.7 માટે 61 અને વોર્ડ નં.8 માટે માત્ર 65 દાવેદારોએ જ દાવેદારી કરી હતી. જ્યારે અન્ય મોટાભાગના વોર્ડમાં દાવેદારોની સંખ્યા 100ની આસપાસ જોવા મળી હતી. વર્ષ 2015 અને વર્ષ 2021ની મનપા ચૂંટણીમાં પાટીદારબહુલ વિસ્તારો ખાસ કરીને વરાછા, મોટા વરાછાના વિવિધ વોર્ડમાં ભાજપને મળેલા પરાજયના પગલે આ વખતે દાવેદારોમાં નિઃરસતા દેખાઈ રહી છે અને તેમાં પણ હાલારીઓ જાણે શાંત થઈ ગયા છે.

એક સમય હતો કે જ્યારે મનપાની ચૂંટણી હોય ત્યારે સૌથી વધુ ઉત્સાહ સૌરાષ્ટ્રવાસી મતદારોના વિસ્તારોમાં જોવા મળતો હતો. વરાછા સહિતના વિસ્તારોમાં વિશાળ કાર્યાલયો અને જમણવારો થતાં હતાં અને ચૂંટણી છે તેવું આ વિસ્તારોમાં જ લાગતું હતું પરંતુ બે ટર્મથી સતત મળે રહેલી હારને કારણે આ વિસ્તારોમાં હવે આ વખતે માહોલ જામશે કે કેમ તે અંગે આશંકા છે. ભાજપના હાલારી સિનીયર આગેવાનો આ વખતે આ વિસ્તારોમાં ચૂંટણી લડવા માટે ઉચ્છુક જ નથી. છેલ્લા કેટલાક સમયથી ગોલવાડી આગેવાનોનો જે રીતે દબદબો વધ્યો છે તેણે હાલારીઓને શાંત કરી દીધા છે. જોકે, હવે આ ચૂંટણીમાં શું થાય છે તે જોવું રહ્યું!

28ની ઉંમરે હત્યા, પકડાયો 52 વર્ષની વયે

મોરબીમાં હત્યામાં ફરાર આરોપીને સુરત પીસીબીએ હૈદરાબાદથી ઝડપી પાડ્યો, 10 હજારનું ઈનામ પણ જાહેર કરાયું હતું

સુરતઃ પી.સી.બી.ની ટીમે ૨૦૦૨ના વર્ષથી પોલીસને ચકમો આપી રહેલા અને રૂ. ૧૦,૦૦૦નું ઈનામ ધરાવતા ખૂની આરોપીને હૈદરાબાદથી દબોચી લીધો છે. મોરબીમાં સાથીદાર સાથે ચોરીના ૨૦૦૦ હજાર માટે માથાકૂટ થતાં આરોપીએ હત્યા કરી નાંખી હતી.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૦૨માં મોરબીના લાલપર સ્થિત અંબાણી સિરામિકમાં મજૂરી કામ કરતાં ગંગારામ છોટા દિલા ચતર નામના શખ્સનો તેના જ સાથીદાર કાલીચરણ સાથે ૨૦૦૦ રૂપિયાની ચોરી બાબતે ઝઘડો થયો હતો. આ આવેશમાં આવી ગંગારામે કાલીચરણના માથામાં લોખંડનો પાઇપ ફટકારી તેની નિર્મમ હત્યા કરી નાખી ફરાર થઈ ગયો હતો. પીસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આ આરોપી ઝારખંડનો વતની હોવા છતાં હાલ તે ઓળખ છુપાવીને હૈદરાબાદના સુરારામ વિસ્તારમાં પાંડુ બસ્તી ખાતે મજૂરી કામ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પી.સી.બી.ની ટીમે હૈદરાબાદમાં છાપો મારી ૫૨ વર્ષીય આરોપી ગંગારામને ઝડપી પાડ્યો હતો. આરોપી ગંગારામ અત્યંત શાતિર દિમાગનો હોવાથી તે પોલીસ પકડમાં આવતો નહોતો. તે સતત રાજ્યો બદલીને મજૂરી કામ કરતો હતો જેથી પોલીસ તેના સુધી પહોંચી ન શકે. આથી જ રાજકોટ રેન્જ આઈ.જી. દ્વારા તેને પકડવા માટે ૧૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. હાલ સુરત પી.સી.બી.એ આ આરોપીનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી કરી છે અને તેને મોરબી તાલુકા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

ગુડ ફ્રાઇડેની પૂર્વ સંધ્યાએ વિશેષ ધાર્મિક વિધિ

સુરત શહેરના નાનપુરા વિસ્તારમાં આવેલી કેથોલિક ચર્ચમાં ગુડ ફ્રાઇડેની પૂર્વ સંધ્યાએ ભાવવિભોર ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવચન પૂર્ણ થયા બાદ સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી, જેમાં શાંતિ, સહઅસ્તિત્વ અને માનવતા માટે પ્રાર્થના કરવામાં આવી. કાર્યક્રમનો મુખ્ય અને આધ્યાત્મિક રીતે મહત્વનો ભાગ તરીકે પાદરીએ ચર્ચના અનુયાયીઓના પગ ધોઈ અને પગ ચૂમવાની પરંપરા નિભાવી હતી. (તસવીરઃ સતીષ જાદવ)

રિક્ષાચાલકે મહિલા સાથે જાહેર શૌચાલય પાસે અડપલાં કર્યાં

‘તારા કરતાં મારી પોલીસમાં મોટી ઓળખાણ છે’ તેમ કહી ધમકાવી, પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ હીરાનગરી સુરતમાં મહિલાઓની સુરક્ષા પર સવાલ ઉઠાવતી એક ચોંકાવનારી ઘટના કતારગામ વિસ્તારમાં બની છે. પેસેન્જર તરીકે બેસેલી મહિલાને રિક્ષાચાલકે શારીરિક છેડતી અને ગાળાગાળી કરી હોબાળો મચાવ્યો હતો. જાહેર શૌચાલય પાસે રિક્ષા ઊભી રાખી મહિલાને બિભત્સ ઈશારા કરનાર અને પોલીસના નામે ધમકી આપનાર રિક્ષાચાલક વિરુદ્ધ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

કતારગામ વિસ્તારમાં રહેતી એક મહિલા ગતરોજ ઘરે જવા માટે એક રિક્ષા ભાડે કરી બેસી હતી. રિક્ષાચાલક તેને નિર્ધારિત સ્થળે લઈ જવાને બદલે અંબા તલાવડી પાસે આવેલા જાહેર શૌચાલય પાસે રિક્ષા થોભાવી દીધી હતી. રિક્ષાચાલક લઘુશંકાના બહાને શૌચાલયમાં ગયો હતો અને ત્યાં ઊભા રહીને રિક્ષામાં બેસેલી મહિલા સામે અત્યંત ગંદા અને બિભત્સ ઈશારા કરવા લાગ્યો હતો. રિક્ષાચાલકની આ હરકતથી મહિલા હેબતાઈ ગઈ હતી. ચાલકની હરકતો અસહ્ય બનતા મહિલા રિક્ષામાંથી ઉતરીને ચાલવા લાગી હતી. જોકે, નફ્ફટ રિક્ષાચાલકે તેનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. મહિલાએ હિંમત બતાવી પોતાના મોબાઈલમાં રિક્ષા અને ચાલકના ફોટા પાડવાનું શરૂ કરતાં રિક્ષાચાલક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે મહિલાની એકદમ નજીક જઈ શારીરિક અડપલાં કરવાની કોશિશ કરી હતી અને ગાળાગાળી શરૂ કરી હતી. મહિલાએ પ્રતિકાર કરતા તેણે મહિલાના પણ ફોટા-વિડીયો ઉતારી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. પોતાના પાપ છૂપાવવા માટે રિક્ષાચાલકે પોલીસના નામે રોફ ઝાડવાનું શરૂ કર્યું હતું. તેણે મહિલાને ધમકાવતા કહ્યું હતું કે, ‘તારા કરતાં પોલીસમાં મારી ઓળખાણ વધારે છે, મારું કોઈ કંઈ બગાડી શકશે નહીં.’ આટલેથી ન અટકી તેણે મહિલાને પોલીસ ફરિયાદ ન કરવા માટે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

સુરતમાં તાપમાનમાં આંશિક ઘટાડો

સુરતઃ સુરત શહેરમાં ગુરુવારે તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હોવા છતાં બપોરના સમયે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. શહેરમાં મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે અગાઉના દિવસની સરખામણીએ થોડું ઓછું હતું. સાથે જ લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી ઘટીને ૨૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે કરેલી સજા એપેલેટ કોર્ટે રદ કરી

સુરતઃ ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે ફટકારેલી એક વર્ષની સજા એપેલેટ કોર્ટે રદ કરી હતી. ઉધના-મગદલ્લા રોડ, ઈશ્વર નગર વિદ્યાભારતી સ્કુલની બાજુમાં રહેતી શશીપ્રભા શૈલેષ મિશ્રા સામે વેસુના પ્રદીપ સાવરમલ વર્માએ ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જેમાં મિલકતના વેચાણ પેટે લીધેલા નાણા પરત કરવા શશીપ્રભાએ પ્રદિપ વર્માને ૩ લાખના ચેક આપ્યા હતા. જે રિટર્ન થયા હતા. આ ચેક રિટર્ન કેસમાં શશીપ્રભાને ટ્રાયલ કોર્ટે એક વર્ષની સજા કરી હતી. ટ્રાયલ કોર્ટના હુકમથી નારાજ શશીપ્રભાએ અપીલ કરી હતી. આરોપી શશીપ્રભા તરફે વકીલ હાજર રહી દલીલો કરી હતી. કોર્ટે બચાવ પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ અપીલ મંજૂર કરી ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કર્યો હતો.

સિટીલાઇટ રોડના કિસ્સાથી જૈન સમાજમાં ભારે ચકચાર

ડેન્ટિસ્ટ ભાભીની દિયર સાથે જ ઓફિસમાં કામલીલા

ડોક્ટર પત્ની પતિના ઘરે અને લોકરમાંથી ૪૦ તોલા દાગીના, ૨૫ લાખ રોકડા લઈને ભાગી ગઇ

ઉપરથી મિસિંગ કે અપહરણની ફરિયાદ નહીં કરવા પતિને નોટિસ ફટકારી

સુરતઃ સુરતમાં જૈન સમાજમાં પારિવારિક કામલીલા ભારે ચર્ચાનો વિષય બન્યો છે. સિટી લાઈટ વિસ્તારની ડેન્ટિસ્ટ ડોક્ટર પોતાનાં દિયર સાથે ઓફિસમાં સેક્સ માણતી હતી. દિયર સાથે રંગરેલીયા મનાવવા ડોક્ટર પત્ની પતિનાં ઘરેથી અને લોકરમાંથી ૪૦ તોલા દાગીના, ૨૫ લાખ રોકડા લઈને ભાગી ગઈ હતી. આ અનૈતિક સંબંધમા દિયર સાથે ભાગી ગયેલી ડોક્ટર ભાભીનાં પતિએ પોલીસમાં પત્ની, મામાનાં દિકરાભાઈ સહિતનાં ૧૧ લોકો સામે ગંભીર આક્ષેપ કરતાં અરજી કરી હતી.

આ ચકચારિત કિસ્સાની જાણવા મળતી વિગત મુજબ અડાજણ વિસ્તારમાં હિરા દલાલીનું કામ કરતાં રમેશ (નામ બદલ્યું છે)નાં લગ્ન સિટી લાઈટ વિસ્તારની ડેન્ટિસ્ટ અંકિતા (નામ બદલ્યું છે) સાથે સામાજિક રીતરિવાજ મુજબ થયાં હતાં. ત્યારબાદ પત્ની અંકિતાના દિયર સાથે અનૈતિક સંબંધ બંધાતા તેણે પતિને પરિવાર મારફત છૂટાછેડા લેવાની તેમજ પતિને પરિવાર સહિત ખોટા કેસમાં સંડોવી દેવાની ધમકી આપી હતી.

જેથી પતિએ ડેન્ટિસ્ટ પત્ની અને તેના પરિવાર સામે ન્યાય માટે પોલીસમાં અરજી કરી છે. પત્નીનાં અનૈતિક સંબંધ જાહેર થતાં પત્ની લાજવાને બદલે ગાજીને પતિનું ઘર તો છોડી દીધું ઉપરથી મીસીંગ કે અપહરણની ફરિયાદ નહીં કરવા પતિને નોટીસ ફટકારી છે. પત્નીએ તેની માતાને વોટસએપ ચેટિંગથી જાણ કરી કે, ‘અહીં કોઈને ફેસ નઈ થાય એવું લાગતા મળ્યા વગર હું મારી મરજીથી ઘર છોડું છું, મને કોઈનો દબાવ નથી, મારૂ ડિસિઝન છે, કોઈ મિસિંગ કમ્પ્લેઈન નહીં કરતાં, તમારૂં ધ્યાન રાખજો’.

હલ્લો, તમારી પત્ની અને મારા પતિનું અફેર ચાલે છે

‘હલ્લો તમારી પત્ની અને મારા પતિનું અફેર ચાલે છે, મારી પાસે સીસીટીવી ફૂટેજ છે’. મામાનાં દિકરાની પત્નીનો ફોન આવ્યો અને રમેશનાં સાંસારિક જીવનમાં ઉથલપાથલ મચી ગઈ. રમેશ પર ભાભી સાથે ભાગી જનારની પત્નીએ ફોન કર્યો હતો. પ્રથમ રમેશે તો વાત માની નહીં, પરંતુ મામાના દિકરાની પત્નીએ સીસીટીવી ફૂટેજ બતાવ્યાં ત્યારે રમેશથી ન કહેવાય ન સહેવાય જેવી સ્થિતિ થઈ ગઈ હતી.

દિયરની પત્નીએ છૂટાછેડા લઇ લીધા છે: એડ્વોકેટ સ્વાતિ મહેતા

સુરતઃ અનૈતિક સંબંધ રાખવો ક્રિમિનલ ગુનો નથી, તેમ જણાવતાં વકીલ સ્વાતિ મહેતાએ જણાવ્યું હતું કે અનૈતિક સંબંધ હવે છુટાછેડા માટે Divorce માટે મોટો આધાર છે. પતિ અથવા પત્ની અનૈતિક સંબંધનાં આધારે છુટાછેડા લઈ શકે છે. આ કિસ્સામાં ભાભી સાથે ભાગી જનાર દિયરની પત્નીએ પતિનાં અનૈતિક સંબંધને કારણે છૂટાછેડા લીધાં હતાં.

સાસુ-સસરાએ પણ જમાઈને ધમકાવ્યો

દિકરીનાં અનૈતિક સંબંધને નજર અંદાજ કરી પત્નીનાં માતા-પિતા અને બેન-બનેવીએ ‘ઉલ્ટા ચોર કોટવાલને ડાંટે’ની જે જમાઈને ધમકાવવા લાગ્યાં હતાં. અંકિતાનાં માતા-પિતા તથા બહેન બનેવીએ જ્યારે અંકિતાના પતિને ધમકાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેના પતિએ કહ્યું કે, અંકિતા ઘરેણાં અને ઘરેથી રોકડા લઈને ગઈ છે. તો તેઓએ વાત માનવાનો ઈન્કાર કરી દીધો હતો. જ્યારે પતિ તમામને લઈને ફિક્સ ડીપોઝીટ લોકર, પાલ ખાતે ગયા અને લોકરમાંથી બેગમાં વસ્તુઓ મુકતી પત્ની સીસીટીવી ફુટેજ બતાવ્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો પરંતુ તેમ છતાં તેમણે માનવાનો ઈન્કાર કરી દીધો હતો.

સુરત પોલીસમાં 15 PI બાદ વધુ 6 PIને નિમણૂક આપવામાં આવી

વધુ 6 નવા PIને સ્ટેશનોની જવાબદારી સોંપાઇ

ગૃહ વિભાગની બદલીના ગંજીપા બાદ કમિશનરે નિમણૂકનો દોર જારી રાખ્યો

ઉમરા, અડાજણ અને લિંબાયત જેવા મહત્વનાં સ્ટેશનોને મળ્યા નવા ઇનચાર્જ

સુરતઃરાજ્યના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં જ 518 પોલીસ ઇન્સ્પેક્ટરોની સામુહિક બદલીના આદેશ કરાયા હતા, જેમાં સુરત શહેરના 45 પીઆઈની એકસાથે બદલી થતા પોલીસ આલમમાં હડકંપ મચી ગયો હતો. આ ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે શહેર પોલીસ કમિશનરે કવાયત તેજ કરી છે. ગત બુધવારે 15 પીઆઈની આંતરિક બદલી અને 12 નવા આવેલા પીઆઈને પોસ્ટિંગ આપ્યા બાદ, આજે ગુરુવારે વધુ 6 પીઆઈને વિવિધ પોલીસ સ્ટેશનોમાં નિમણૂક આપી દેવામાં આવી છે.

શહેર પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ, અન્ય જિલ્લાઓમાંથી બદલી થઈને આવેલા અધિકારીઓને તાત્કાલિક અસરથી જવાબદારી સોંપવામાં આવી છે.

જેમાં ખાસ કરીને ઉમરા, અડાજણ અને વરાછા જેવા સંવેદનશીલ અને વ્યસ્ત વિસ્તારોમાં નવા પીઆઈની વરણી કરવામાં આવી છે. બનાસકાંઠાથી આવેલા એમ.જે. ચૌધરીને ઉમરા પોલીસ સ્ટેશનની કમાન સોંપાઈ છે, જ્યારે જામનગરથી આવેલા નિકુંજકુમાર ચાવડાને અડાજણનો ચાર્જ આપવામાં આવ્યો છે.શહેરમાંથી એકસાથે 45 પીઆઈની વિદાય અને સામે 37 નવા પીઆઈના આગમન વચ્ચે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે કમિશનર દ્વારા તબક્કાવાર પોસ્ટિંગ આપવામાં આવી રહ્યું છે. ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા માટે પણ નવા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આગામી દિવસોમાં હજુ પણ કેટલાક વહીવટી ફેરફારો થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

નવી નિમણૂક પામેલા અધિકારીઓની યાદી

ક્રમ	પી.આઈ. નું નામ	ક્યાંથી આવ્યા	નિમણૂકનું સ્થળ
૧	શ્રી એમ.જે. ચૌધરી	બનાસકાંઠા	I-PI ઉમરા પો.સ્ટે.
૨	શ્રી નિકુંજકુમાર એ. ચાવડા	જામનગર	અડાજણ પો.સ્ટે.
૩	શ્રી દિપેન્દ્રસિંહ ડી. ચૌહાણ	ગાંધીનગર	લીંબાયત પો.સ્ટે.
૪	શ્રી રોહિતકુમાર એસ. દેસાઈ	બનાસકાંઠા	ટ્રાફિક શાખા
૫	શ્રી પી.એલ. વાઘેલા	મહેસાણા	I-PI ડીંડોલી પો.સ્ટે.
૬	શ્રી મોનલ જી. કરડાણી	ગાંધીનગર II	--

ઉનમાં અચાનક બેભાન થઈને ઢળી પડતાં ફ્રૂટના વેપારીનું મોત

સુરતઃ ઉન પાટિયા ખાતે આવેલ ગુલશન નગરમાં રહેતા 32 વર્ષીય શાહરુખ મોહમુદીન પઠાણ ફ્રુટનો વેપાર કરતો હતો. કાલે મોડી રાત્રે શાહરૂખ ઘરમાં અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. જેથી તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. તેનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની શક્યતા છે.

પુણા ગામમાં દરવાજો લોક થતાં બે બાળકો રૂમમાં ફસાયાં

ફાયર બ્રિગેડે સલામત રેસ્ક્યુ કર્યાં

સુરતઃ શહેરના પુણા ગામ વિસ્તારમાં આવેલી માતૃશક્તિ સોસાયટીમાં બપોરે એક મકાનના રૂમનો દરવાજો અચાનક લોક થઈ જતાં બે વર્ષનાં બાળકો રૂમમાં જ ફસાઈ ગયાં હતાં. દરવાજો ન ખૂલતાં અને બાળકો રડવા લાગતાં પરિવારમાં ગભરાટ ફેલાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર સોસાયટીમાં રહેતા વિપુલભાઈ ઝાલવડિયાના ઘરે આ ઘટના બની હતી. બપોર દરમિયાન તેમની પત્ની મીરાબેન ઘરકામમાં વ્યસ્ત હતી. ત્યારે તેમનાં બે વર્ષીય બાળકો દેવ અને દેવીકા રૂમમાં રમતાં હતાં. દરમિયાન રૂમનો દરવાજો એકાએક લોક થઈ ગયો હતો. બાળકો બહાર ન નીકળતાં તેઓ ડરી રડારોડ કરવા લાગ્યાં હતાં. જેને કારણે ઘરમાં હાજર સભ્યો પણ ગભરાઈ ગયા હતા. પરિસ્થિતિ ગંભીર બનતાં પરિવારજનોએ તરત જ ફાયર કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો. જાણ થતાં જ પુણા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. બાદમાં ફાયર બ્રિગેડે દરવાજાનો લોક તોડી બંને બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યાં હતાં. આ બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ પહોંચી ન હતી. આથી પરિવારજનોને રાહત અનુભવી હતી. ફાયર બ્રિગેડની ટીમની ઝડપી કામગીરીને કારણે પરિવારના સભ્યોએ ફાયર બ્રિગેડની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

અશાંતધારા સુધારા બિલને હાઈકોર્ટમાં પડકારાશે

માલિકી હક્કો માટે જટિલતા અને ભ્રષ્ટાચાર વધશેઃ વકીલ ઝફીરઅલી બદરી, ઝકી શેખ

સુરતઃ ગુજરાત અશાંતધારા સુધારા બિલને હાઈકોર્ટમાં પડકારાશે તેમ ગુરુવારે પત્રકાર પરિષદમાં પત્રકાર પરિષદને સંબોધતાં એડ્વોકેટ ઝફીરઅલી બદરી, ઝકી શેખ, નીરવ દૂધવાલા તથા જયેશ ચેલારામાનીએ જણાવ્યું હતું કે, મૂળ અશાંત ધારો ૧૯૯૧માં અમલમાં આવ્યો હતો. ૨૦૨૦ના સુધારામાં ટ્રાન્સફરની વ્યાખ્યા બદલાઈ હતી, જેમાં હાઈકોર્ટ દ્વારા અગાઉ વર્ષ 2020ના સુધારાની કલમ ૩(૧)(i) અને ૩(૧)(i) અંગે કોઈપણ નોટિફિકેશન બહાર પાડવા પર રોક મૂકવામાં આવી હતી. છતાં રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૧માં સુરતના વિસ્તારોને અશાંતધારા હેઠળ લાવી ભાડા, લીઝ વગેરે માટે પૂર્વ મંજૂરી ફરજિયાત બનાવાઈ હતી, તાજેતરમાં પારિત ૨૦૨૬ના નવા બિલમાં જૂના વિવાદિત પ્રાવધાનોમાં કોઈ ફેરફાર કરાયો નથી, પરંતુ નવી કલમ 2(bbb) થી Person Aggrievedની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે. આનાથી તૃતીય પક્ષોને મિલકતના વ્યવહારોમાં હસ્તક્ષેપ કરવાની તક મળશે, જે માલિકી હક્કો માટે જટિલતા અને ભ્રષ્ટાચારનું કારણ બની શકે છે.

એસીના શો-રૂમમાં સેલ્સમેનની ૧૭.૪૬ લાખની ઉચાપત

ગ્રાહકો પાસેથી ઉઘરાવેલા નાણાં પેટીમાં જમા કરાવવાને બદલે અંગત વપરાશમાં વાપરી નાંખ્યાં

સુરતઃ ભટારની એસી (AC) વેચાણની પેઢીમાં સેલ્સમેન તરીકે ફરજ બજાવતા યુવકે ગ્રાહકો પાસેથી મેળવેલા કુલ ૧૭.૪૬ લાખ પેઢીમાં જમા નહીં કરાવી પોતાની અંગત મોજશોખ માટે નાંખ્યા હતા.

ભટાર સિદ્ધ રતન એપાર્ટમેન્ટમાં રહેતા કિરીટભાઈ મણીલાલ અકબરી રહેણાંક નજીક ‘શ્રધ્ધા એસી ઝોન’ નામે એસીનો વેપાર કરે છે. વર્ષ ૨૦૨૨માં તેમણે વરાછા રોડ સ્થિત સત્યનારાયણ સોસાયટીમાં રહેતા હર્ષ રજનીભાઈ રાયમગાને સેલ્સમેન તરીકે નોકરી પર રાખ્યો હતો. હર્ષ ગ્રાહકો પાસેથી મળતા નાણાં પૈકી અમુક રકમ તે પેઢીમાં જમા કરાવતો અને બાકીની રકમ ગ્રાહક પાસે ‘ઉધાર’ હોવાનું કહી માલિકને ગુમરાહ કરતો હતો. ગ્રાહકો પાસેથી પૈસા નહીં આવતા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ગ્રાહકોએ તો તમામ નાણાં ચૂકવી દીધા હતા. આ સામે હર્ષે ૧૭,૪૬,૬૧૧નો ચેક આપ્યો હતો, જે રિટર્ન થયો હતો. વારંવારની ઉઘરાણી કરવા છતાં હર્ષે નાણાં પરત આપ્યા ન હતા. કિરીટભાઈએ ખટોદરા પોલીસ મથકમાં હર્ષ રાયમગા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ મામલે ખટોદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.